પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૭ | ૧૮ માર્ચ, ૨૦૨૦, બુધવાર; ફાગણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વિશ્વમાં કોરોના વાયરસનો કાળો કેર

## વિશ્વના ૧૬૨ દેશમાં કોરોના વાયરસથી ૭,૧૭૩નાં મોત : કુલ કેસોની સંખ્યા વધીને ૧૮૨૭૧૬ થઇ : ઇટાલી કોરાના વાયરસના પરિણામે હવે સૌથી ખરાબરીતે અસરગ્રસ્ત : ચીનમાં સ્થિતી સુધરી : દુનિયાના દેશો એલર્ટ

બેઝિંગ,તા. ૧૭

કોરોના વાયરસનો કાળો કેર દુનિયાના દેશોમાં જારી રહ્યો છે. હવે કોરોના વાયરસે ૧૬૨ દેશોને તેના મજબુત ભરડામાં લઈ લીધા છે. જેમાં ભારત પણ સામેલ છે. નવા નવા દેશોમાં કેસો સપાટી પર આવી રહ્યા છે. વિશ્વના ૧૬૨ દેશોમાં કોરોના વાયરસના કારણે હવે મોતનો આંકડો વધીને ૭૧૭૩ સુધી પહોંચી ગયો છે. જ્યારે રિકવર થયેલા લોકોની સંખ્યા ૭૯૮૮૩ સુધી પહોંચી ગઈ છે. ચીનમાં પણ આવી જ સ્થિતી છે. ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૧ નવા કેસો નોંધાઈ રહ્યા છે. જ્યારે વધુ ૧૩ લોકોના મોત થયા છે. કોરોના વાયરસના કારણે અમેરિકા, કોરિયા અને ઈટાલીમાં પણ ભારે હાહાકાર મચેલો છે. આવી સ્થિતીમાં મોતનો આંકડો ખુબ વધારે જઈ શકે છે. ચીન સરકાર દ્વારા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં વાયરસ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો નથી. જે દર્દી ગંભીર છે તે પૈકી અનેક જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. દરરોજ હજારોની સંખ્યામાં નવા કેસો સપાટી પર આવી રહ્યા છે જે



સાબિત કરે છે કે કઈ રીતે આ વાયરસે આતંક મચાવી દીધો છે.ચીનમાં ખતરનાક સાબિત થઈ રહેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. કોરોના વાયરસના કારણે દહેશત અકબંધ છે. કોરોના વાયરસના કારણે હાલમાં સ્થિતીમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. દેશમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. કોરોના વાયરસને રોકવા માટે હવે દુનિયાના દેશો ચીન પાસેથી બોધપાઠ મેળવે તે જરૂરી છે.ચીનમાં સ્થિતી સુધરી રહી છે. ચીનમાં કુલ કેસોની સંખ્યા વધીને ૮૦૮૮૧ ઉપર પહોંચી ગઈ છે. ચીનમાં ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૩૨૨૬ રહી છે. ચીનમાં કુલ રિક્વર થયેલા લોકોની સંખ્યા ૬૮૬૯૦ રહી છે. યુરોપ અને અન્ય દેશોમાં કેસોની સંખ્યા વધારે ઝડપથી વધી રહી છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ

● અનુસંધાન પાન-૭ પર

# ઈટાલીમાં કોરોના કાબુ બહાર

### એક દિવસમાં વધુ ૩૪૯ લોકોના મોત : એકલા ઇટાલીમાં ૧૮૫૧ દર્દીઓની હાલત હજુય ગંભીર

નવીદિલ્હી,તા. ૧૭

યુરોપમાં કોરોના આંતક વધી રહ્યો છે.હવે સૌથી વધારે ખરાબ હાલતા ઈટાલીમાં થયેલી છે. ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૩૨૩૩ નવા કેસો સપાટી પર આવતા સામાન્ય લોકોની દહેશત અકબંધ રહી છે. સાથે સાથે ઈટાલીમાં કોરોના વાયરસ હવે બેકાબુ છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ ઈટાલીમાં ૩૪૯ લોકોના મોત થઈ ગયા છે. આની સાથે જ ઈટાલીમાં મોતનો આંકડો છેલ્લા ચાર દિવસથી ખુબ ઝડપથી વધીને હવે ૨૧૫૮ સુધી પહોંચી ગયો છે. ઈટાલીમાં ૧૮૫૧ લોકો હજુ ગંભીર સ્થિતીમાં છે. એક્ટિવ કેસોની સંખ્યા ૨૩૦૭૩ સુધી પહોંચી ગઈ છે. ઈટાલીમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હવે દુનિયામાં સૌથી વધારે ખરાબ હાલત ઈટાલીની થઈ છે. વિશ્વ યુદ્ધ દરમિયાન પણ આટલી મોટી સંખ્યામાં લોકોના મોત એક દિવસમાં થયા ન હતા. ઈટાલીમાં સતત બે દિવસમાં રેકોર્ડ સંખ્યામાં લોકોના મોત થયા છે. શનિવારના દિવસે એક દિવસમાં ૨૫૦ લોકોના મોત થયા હતા.

# અમેરિકામાં કફર્યૂ, ફ્રાંસમાં લોકડાઉન

### ન્યૂજર્સી-સેન ફ્રાંસિસ્કોમાં કર્ફયૂ, પાકિસ્તાનમાં ૧૮૬ કોરોનાના કેસ નોંધાયા

વૉશિંગ્ટન,તા.૧૭

કોરોના વાઈરસે દુનિયાના તાકાતવર દેશોને પણ ઘૂંટણિયે પડવા મજબૂર કરી દીધા છે. કોરોનાના સંક્રમમણથી બચવા અમેરિકાના બે મોટા રાજ્ય ન્યૂ જર્સી અને સાન ફ્રાન્સિસ્કોમાં કફર્યૂની જાહેરાત કરી દેવામાં આવી છે. અમેરિકાના નાગરિકોને કહેવામાં આવ્યું છે કે શક્ય હોય ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. અમેરિકાના રાષ્ટ્રપતિએ સોમવારે દેશવાસીઓને કહ્યું કે દસથી વધારે લોકો એકઠા ન થાય.

બીજી તરફ ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોએ સોમવારના રોજો કોરોના વાઈરસને મુદ્દે રાષ્ટ્રને સંબોધિત કર્યા. જેમાં તેમણે આગામી ૧૫ દિવસ સુધી દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે કોરોનાનો ચેપ ફેલાય નહીં તે માટે ફ્રાંસના નાગરિક ૧૫ દિવસ સુધી ઘરની બહાર ન નીકળે અને શક્ય હોય ત્યાં સુધી પોતાના સામાજિક સંપર્કને ઓછા કરી નાખો. જરુરી ટ્રીપની પરવાનગી આપવામાં આવશે અને

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં કોરોનાની સ્થિતિ

### રાજઘાટ, લાલ કિલ્લા બંધ : જનજીવન ખોરવાયું




- ભારતમાં કોરોના વાયરસના કેસોમાં ચિંતાજનક વધારો થયો
- મુંબઈમાં એક મોત, નોઈડામાં વધુ બે કેસ અને અનેક નવા અન્યત્ર પોઝિટિવ કેસ સાથે કુલ કેસોની સંખ્યા ૧૩૫ થઈ
- ભારતમાં ૫૪૦૦૦થી વધુ લોકો હજુ નિરીક્ષણ હેઠળ
- મોટી સંખ્યામાં વિદેશી લોકો પણ સકંજામાં આવ્યા
- દેશભરમાં સાવચેતીના પગલાનો દોર જારી
- મુંબઈમાં કસ્તુરબા હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા વધુ એક દર્દીનું મોત
- સ્કુલ, કોલેજો, મોલ સંપૂર્ણપણે બંધ
- દેશના જુદા જુદા ભાગોમાં જનજીવન ઉપર માઠી અસર
- રાજ્યસભામાં આરોગ્યમંત્રી હર્ષવર્ધન દ્વારા માહિતી આપવામાં આવી
- ઉત્તરાખંડમાં ટાઈગર રિઝર્વ અને નેશનલ પાર્કમાં પ્રવાસ પ્રવૃત્તિ ઠપ થઈ
- શિરડી સાઈબાબા મંદિર પ્રજા માટે બંધ કરવાનો નિર્ણય
- મહાલક્ષ્મી મંદીર પણ બંધ કરવાનો નિર્ણય કરાયો
- ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળની ઓફિસ ૨૧મી માર્ચ સુધી બંધ
- તમિળનાડુમાં ટ્યુરિસ્ટ સેન્ટરોને બંધ કરાયા
- ઉટીમાં પ્રવાસીઓને જતા રહેવા માટે ૨૪ કલાકની સૂચના
- પુણેમાં રેસ્ટોરન્ટ અને હોટલ એસોસિએશન દ્વારા બંધ કરવાનો નિર્ણય

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં કોરોનાના વધતા કેસ

### મુંબઇમાં એકનુ મોત : દેશમાં હજુ સુધી ૧૩૪થી વધુ કેસો, કુલ મૃતાંક વધીને ત્રણ થયો : દેશભરમાં ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશ સહિત કુલ ૧૫ રાજ્યો કોરોનાના સકંજામાં આવ્યા : નોઇડામાં વધુ બે લોકો પોઝિટિવ

નવીદિલ્હી, તા. ૧૭

સમગ્ર દુનિયામાં ભારે હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસના કેસો ભારતમા ંપણ હવે ઝડપથી અને ચિંતાજનકરીતે વધી રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસના નવા કેસોની સાથે જ સંખ્યા વધીને ૧૩૪થી વધુ પહોંચી ગઈ છે. મુંબઈમાં એક વ્યક્તિના મોત સાથે ભારતમાં કોરોના વાયરસના કારણે મોતનો આંકડો વધીને ત્રણ ઉપર પહોંચી ગયો છે જ્યારે કેસોની સંખ્યા ૧૩૫થી ઉપર પહોંચી છે. આજે માહિતી આપતા સરકારે કહ્યું છે કે, ભારતભરમાં ૫૪૦૦૦ લોકોને હજુ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે.

આરોગ્યમંત્રી હર્ષવર્ધને રાજ્યસભામાં માહિતી આપતા કહ્યું હતું કે, તબીબો અને પેરામેડિકલ ટીમ દ્વારા ઉલ્લેખનીય સેવા આપવામાં આવી રહી છે. લોકોને સામાજિક અંતર રાખવાની જરૂર પણ દેખાઈ રહી છે. આજે કોરોનાના નવા કેસ સપાટી ઉપર આવ્યા હતા જેમાં નોઈડાના સેક્ટર ૭૮ અને ૧૦૦માં બે મામલા નોંધાયા છે જ્યારે મુંબઈમાં એક મોટી વયની વ્યક્તિનું મોત થયું છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ નોંધાઈ ચુક્યા છે. કુલ ૧૫ રાજ્યો કોરોનાના સકંજામાં આવી ચુક્યા છે. ચાર કેન્દ્રશાસિત પ્રદેશ સહિત ૧૫ રાજ્યો કોરોનાના સકંજામાં આવી ગયા છે. કોરોનાના સૌથી વધારે કેસો મહારાષ્ટ્રમાં નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મધ્યપ્રદેશના મુખ્યમંત્રી, સ્પીકરને નોટિસ, સુપ્રિમમાં આજે વધુ સુનાવણી

### કોંગ્રેસ તરફથી કોઇ પ્રતિનિધિ ન પહોંચતાં સુનાવણી ટળી : ભાજપે તત્કાળ ફ્લોર ટેસ્ટ કરાવવા માટે સુપ્રિમમાં અરજી કરી છે

ભોપાલ,તા.૧૭

મધ્ય પ્રદેશમાં ફ્લોર ટેસ્ટ માટે ભાજપે લાગે છે કે હજુ થોડી રાહ જોવી પડશે. ભાજપની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ટળી છે. આવું એટલા માટે થયું કારણ કે કોંગ્રેસની સરકાર તરફથી કોઈ પણ પ્રતિનિધિ પહોંચ્યો નહીં. હવે આ મામલે સુનાવણી બુધવારે ૧૦.૩૦ વાગે થશે. સુનાવણી દરમિયાન જજોએ કહ્યું કે તેઓ બીજા પક્ષની પણ વાત સાંભળવા માંગે છે. કોર્ટે તમામ પક્ષકારો, મુખ્યમંત્રી અને સ્પીકરને પણ નોટિસ પાઠવી છે. જે મુજબ બધાએ પોતાનો પક્ષ રજુ કરવાનો રહેશે.

અત્રે જણાવવાનું કે ભારતીય જનતા પાર્ટી તરફથી તાબડતોબ ફ્લોર ટેસ્ટની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી હતી. ભાજપના નેતા શિવરાજ સિંહ ચૌહાણે સુપ્રીમ કોર્ટમાં આ અરજી કરી હતી. ભાજપે આશા વ્યક્ત કરી હતી કે મધ્ય પ્રદેશમાં કર્ણાટકવાળી થશે.

રાજ્યપાલની ચિઠ્ઠીનો કમલનાથે મંગળવારે ચિઠ્ઠી લખીને જવાબ આપ્યો છે. કમલનાથે કહ્યું છે કે, રાજ્યપાલનો ૧૭ માર્ચે જ બહુમત સાબીત કરવાનો આદેશ ગેરબંદારણીય છે.




## કોરોનાને અટકાવવા કેશનો ઉપયોગ ના કરો : આરબીઆઈ

મુંબઈ,તા.૧૭

દેશમાં રોજે રોજ કોરોના વાયરસના નવા દર્દીઓ ઉમેરાઈ રહ્યા છે ત્યારે રિઝર્વ બેંક્રે લોકોને કેશનો ઓછામાં ઓછો ઉપયોગ કરવાની સલાહ આપી છે.

બેંક્રે પોતાની વેબસાઈટ પર કહ્યુ છે કે, કોરોના વાયરસના ચેપ લાગવાની શક્યતાને જોતા જરુરી છે કે, સામાજીક સંપર્ક ઓછો કરવામાં આવે.લોકોને સલાહ છે કે, રોકડની જગ્યાએ ઓનલાઈન પેમન્ટના વિકલ્પને પસંદ કરો.







